## આવી જ ઝડપથી સફાઇ થતી રહે તો સુરતને સ્વચ્છતામાં હકીકતમાં પણ નં.1 મળે તેમ છે...



નાનપુરા, ટીમલીયાવાડ



ડોટીવાલા બેકરી, નાનપુરા

■ હાલમાં સ્વચ્છતાં સર્વેક્ષણની ટીમ સુરતમાં સરવે માટે છે ત્યારે ગુરૂવારે છપાયેલા ગંદકીના ફોટાને પગલે તાકીદે મનપા તંત્રએ દોડતાં થઈને સફાઈ કરી નાખી હતી. જેની તસવીરો પણ તેમના દ્વારા જારી કરવામાં આવી હતી. જોકે, જેટલી ઝડપથી આ ગંદકીભર્યા વિસ્તારોની સફાઈ થઈ તેટલી ઝડપથી જ જો રોજ જ સુરતમાં સફાઈ થતી રહે અને જે ગંદકીભર્યા સ્થળ તસવીરકારને મળે છે તે સ્થળ ખુદ મનપા જ શોધી નાખે તો ખરેખર સ્વચ્છતાના મામલે સુરત સ્વર્ગ બની શકે તેમ છે. માત્ર કાગળ પર જ કે એવોર્ડ લેવા માટે નહીં પરંતુ સુરતમાં સફાઈ ઉડીને આંખે વળગે તેવી હોવી જોઈએ. તો જ સુરતી ગર્વથી સુરતને સ્વચ્છ શહેર તરીકે ઓળખાવી શકશે તે નક્કી છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# ખાડીની સફાઈ સાથે 6,000 ચો.ફૂટ જગ્યા ખુલ્લી કરાઈ

**મનપાની** સૂચના પછી પણ જગ્યા ખાલી ન કરતાં કાર્યવાહી



સુરતઃ સુરત મનપા દ્વારા આ વર્ષે લોકોને ખાડીપુરની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે તૈયારીઓ કરી લેવામાં આવી છે. ફ્લોટિંગ પોકલેન મશીનની મદદથી ખાડીની સફાઈ તો શરૂ કરી જ દેવાઈ છે સાથે સાથે ખાડી પરના દબાણો પણ હટાવવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત લિંબાયત ઝોન દ્વારા ખાડીની સફાઈ અને દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ઝડપી નિકાલ થઈ શકે, પાણી ભરાવાની કે ફ્લડ જેવી પરિસ્થિતિ ઊભી ન થાય અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થાય તેવા આશયથી આ ઝુંબેશ શરૂ કરાઈ છે.

ટી.પી સ્કીમ નંબર-07 (આંજણા) માં ઉમરવાડા ઈડબલ્યુએસ આવાસને લાગુ કોયલી ખાડી કિનારે ગેરકાયદે રીતે ઊભા કરાયેલા કાચા-પાકા દબાણો, ઝૂંપડાં, બાંધકામો અને લારીઓ જેવા અવરોધો દૂર કરવામાં આવ્યા હતા. આશરે 6,000 ચોરસ ફૂટ જેટલો નડતરરૂપ વિસ્તાર ખુલ્લો કરવામાં આવ્યો હતો. ખાડી વિસ્તારમાં થતાં દબાણો અને ગંદકીને લીધે કુદરતી પ્રવાહ અવરોધાતો હતો, જેના કારણે અગાઉ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા અને ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી.

આથી ચોમાસા પહેલાં ખાડીઓની પહોળાઈ અને ઊંડાઈ જાળવવા તેમજ સિલ્ટ અને પ્લાસ્ટિક કચરો દૂર કરી પાણી વહન કરવાની ક્ષમતા વધારવા માટે આ કામગીરી કરવામાં આવી છે. આ દબાણ હટાવવાની કામગીરી પૂર્વે સંબંધિત દબાણકર્તાઓને રૂબરૂ મુલાકાત લઈને અવારનવાર જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી, તેમ છતાં ગેરકાયદે બાંધકામો યથાવત રહેતા આ આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરી વિકાસ વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જઈને આશરે 6,000 ચોરસ ફૂટ જેટલો નડતરરૂપ વિસ્તાર ખુલ્લો કરવામાં આવ્યો હતો.

### મૂળ અમરેલીના વંડા-ફાચરીયા ગામની વતની

# સુરતની પૂજા રામાણીને એમેઝોનની રૂ.46 લાખના વાર્ષિક પેકેજની ઓફર

**પૂજાએ** કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં બીજા જ વર્ષમાં એમેઝોનની ઈન્ટર્નશિપ મેળવી લીધી હતી

**એમેઝોનની** કોર ટીમ ઈન્ટર્નશિપ દરમિયાનની કામગીરીથી પ્રભાવિત

સુરતઃ સુરતની વતની અને આણંદમાં ચારૂસેટ યુનિવર્સિટી સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગની વિદ્યાર્થિની પૂજા રામાણીએ વૈશ્વિક સ્તરે સફળતાનો ડંકો વગાડ્યો છે. પૂજાને વિશ્વની પ્રતિષ્ઠિત ટેક્નોલોજી કંપની એમેઝોન તરફથી વાર્ષિક રૂ. 46.38 લાખના આકર્ષક પેકેજ સાથે ફૂલ-ટાઇમ જોબની ઓફર મળી છે.



મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વંડા-ફાચરીયા ગામના વતની અને સુરતમાં સીમાડા નાકા, સૂર્યોદય સોસા.માં રહેતા એલઆઈસી એજન્ટ મહેશભાઈ રામાણી અને ગીતાબેન રામાણીની પુત્રી પૂજા રામાણીએ પોતાની પ્રતિભાના જોરે કોલેજના બીજા વર્ષમાં જ એમેઝોન ચેન્નાઈમાં 2 મહિનાની પ્રતિષ્ઠિત ઇન્ટર્નશિપ મેળવી હતી. ત્યારબાદ ઉત્કૃષ્ટ પ્રદર્શનને આધારે ત્રીજા વર્ષમાં ફરીથી 6 મહિનાની રિટર્ન ઇન્ટર્નશિપ માટે તેની પસંદગી થઈ હતી.

આ ઇન્ટર્નશિપ દરમિયાન એમેઝોનની કોર ટીમ સાથે ઓટોમેશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સોલ્યુશન્સ પર સફળતાપૂર્વક કામ કર્યા બાદ કંપની દ્વારા તેને આ મેગા પ્લેસમેન્ટ ઓફર કરવામાં આવી છે.

### ઈન્ટર્નસિપ અને એકેડેમિક્સને સાથે મેનેજ કરવા મેં ઓનલાઈન ક્લાસિક કર્યા હતાઃ પૂજા રામાણી

પૂજા રામાણીએ પ્રતિભાવ આપતા કહ્યું કે આ સિદ્ધિ મારા જીવનના નવા અધ્યાયની શરૂઆત છે. હું મારા માતા-પિતા, પરિવારની આભારી છું. મારી ઇન્ટર્નશિપ દરમિયાન મને કોલેજ અને યુનિ.નો ખૂબ જ સહકાર મળ્યો હતો. મને સતત મોટિવેટ કરવામાં આવી. ઉપરાંત મેં ઓનલાઈન ક્લાસિસ પણ કર્યા કે જેથી હું ઇન્ટર્નશીપ અને એકેડેમિક્સ બંને સારી રીતે મેનેજ કરી શકી અને તેને કારણે હું એમેઝોન કંપની સુધી પહોંચી શકી.

### પૂજા રામાણીએ AI અને MLમાં અનેક રિચર્સ પેપર તૈયાર કર્યા છે

પૂજા રામાણીએ તેણે AI/ML (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ) પર અનેક રિસર્ચ પેપર્સ તૈયાર કર્યા છે. રોબોટિક્સ સ્પર્ધાઓ, રાષ્ટ્રીય કક્ષાની હેકાથોન અને ઈનોવેશન પ્રોજેક્ટ્સમાં ઉત્સાહભેર ભાગ લીધો છે.

## બહેનના લગ્ન માટેની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ બહેનના લગ્ન માટે યુપી જવા વચગાળાના જામીન માંગનાર હત્યા કેસના આરોપીની અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આરોપી રોહિત ગૌતમ વિરુદ્ધ ઉધના પોલીસ સ્ટેશનમાં ઈન્ડિયન પીનલ કોડ (IPC) ની કલમ ૩૦૨(૨), ૩૨૩, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) અને જી.પી. એક્ટ (G.P. Act) ની કલમ ૧૩૫ મુજબનો ગુનો નોંધાયો હતો. આરોપીએ બહેનના લગ્ન ૨૦.૦૬.૨૦૨૬ ના રોજ ઉત્તર પ્રદેશ મુકામે હોવાથી વચગાળાના જામીન પર મુક્ત થવા અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલે આ અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી. બહેનના લગ્ન માટેનો આધાર પૂરતો નથી અને અસાધારણ કે અપવાદરૂપ નથી તેમ નોંધી એડિશનલ સેશન્સ જજ અમિતકુમાર નરેન્દ્રભાઈ દવેએ આરોપીની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી હતી.

# સોનાની 30 વીંટી લઈ કોપર-ઝીંકના બિસ્કિટ પધરાવી દીધા

**જહાંગીરપુરા** રહેતા દાગીના ઉત્પાદકનો દાગીનાની સામે સોનાના બારનો સોદો થયો હતો

સુરતઃ કતારગામના વેપારી પાસે રાજસ્થાનના ઠગબાજોએ રૂપિયા ૨૩ લાખ લઈ સોનાના બાર હતા. જો કે તેની તપાસ કરતાં તેમાં સોનાને બદલે કોપર અને ઝીંક નીકળતા વેપારીના હોંશ ઉડી ગયા હતાં.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની અને હાલ સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં 'નક્ષત્ર નેબ્યુલા' ખાતે રહેતા ૩૮ વર્ષીય મહેશ સવજી જીકાદરા કતારગામની પારસ સોસાયટીમાં 'તત્વમ ગોલ્ડ એલ.એલ.પી' નામે સોનાના દાગીના બનાવે છે. ગત તારીખ ૧૫/૦૫/૨૦૨૬ના રોજ તેમનો સંપર્ક અભિષેક જૈન નામની વ્યક્તિ સાથે થયો હતો. તેણે તેમને વિશ્વાસમાં લઈ રાજસ્થાન ખાતે 'અંબિકા ગોલ્ડ'ના નામે સોનાના દાગીનાનો હોલસેલ વેપાર કરતા અશોક જૈન નામના વેપારી સાથે મુલાકાત કરાવી હતી. વાતચીત દરમિયાન આરોપીઓએ વ્યાપારી ડીલ નક્કી કરી હતી કે તેઓ મહેશભાઈ પાસેથી સોનાના દાગીના લેશે અને તેના બદલામાં ચૂકવણી તરીકે સોનાના બિસ્કીટ (ગોલ્ડ બાર) આપશે. આ ગોઠવણ મુજબ, ગત ૧૫મી તારીખે અભિષેક જૈન કતારગામ સ્થિત લિંબાચિયા ફળિયાના નેમીનાથ એપાર્ટમેન્ટ ખાતે સોનાની ડિલિવરી લેવા પહોંચ્યો હતો. ત્યાં મહેશભાઈએ તેને ૨૨.૯૮ લાખ રૂપિયાની કિંમત ધરાવતી ૧૪૬ ગ્રામ વજનની સોનાની ૩૦ નંગ વીંટીઓ આપી હતી. તેના બદલામાં અભિષેકે મહેશભાઈને ૧૦૦-૧૦૦ ગ્રામના ગોલ્ડ બાર આપ્યા હતા. આ બાર પર જાણીતી કંપનીનું નામ અને પ્યોરિફિકેશનનો સિક્કો હોવાથી જ્વેલર્સે પહેલાં તો ભરોસો કરી લીધો હતો.જો કે, ડિલિવરી લીધા બાદ મહેશભાઈને મનમાં શંકા જતાં તેઓએ આ ગોલ્ડ બારની પ્યોરિટી ચેક કરવા માટે લેબોરેટરીમાં ટેસ્ટિંગ કરાવ્યું હતું. ટેસ્ટિંગના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો કે બારમાં સોનાનો એક અંશ પણ નહોતો, પરંતુ તેમાં માત્ર કોપર અને ઝીંક ધાતુનું મિશ્રણ હતું.

# પુણામાં નાસ્તો કરવાનો રૂ.1.98 લાખમાં પડ્યું

**માત્ર** પોણો બે કલાક માટે ઘર બંધ કર્યું ને તસ્કરો ઘરમાંથી રોકડા, દાગીના ચોરી ફરાર

સુરતઃ મૂળ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના વતની અને હાલ સુરતના પુણા ગામ વિસ્તારમાં આવેલી સુરભી સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય મનોહરસિંહ હિંમતસિંહ સિસોદીયા કાપડ માર્કેટ સાથે સંકળાયેલા છે. તેઓ સલાબતપુરા સ્થિત પ્રખ્યાત કોહિનૂર ટેક્ષટાઇલ માર્કેટની એક કાપડની દુકાનમાં નોકરી કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે. ગત ૧૮મી એપ્રિલ ૨૦૨૬ના રોજ મનોહરસિંહના પત્ની અને બાળકો વતન રાજસ્થાન ગયા હોવાથી, તેઓ છેલ્લા એક મહિનાથી ઘરમાં એકલા જ રહેતા હતા. ગત તારીખ ૧૭/૦૫/૨૦૨૬ના રોજ બપોરે મનોહરસિંહ પોતાના ઘરને લોક કરીને બહાર દાઢી કરાવવા તેમજ નાસ્તો કરવા માટે ગયા હતા. તેઓ પરત ફર્યા ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલી હાલતમાં હતો.

ઘરમાં તપાસ કરતાં બેડરૂમમાં મુકેલા લોખંડના કબાટનું લોક પણ તૂટેલું હતું અને સામાન વેરવિખેર પડ્યો હતો. તસ્કરો કબાટના ખાનામાં રાખેલા રોકડા રૂપિયા ૧.૧૦ લાખ તેમજ આશરે ૮૦ હજાર રૂપિયાની કિંમતની સોનાની ચેઈન અને ચાંદીનું બ્રેસલેટ મળી કુલ રૂ.૧,૯૮,૦૦૦નો મુદ્દામાલ ચોરીને નાસી છૂટ્યા હતા. ધોળા દિવસે બનેલી આ ચોરીની ઘટનાથી સોસાયટીના રહીશોમાં પણ ભયનો માહોલ છે.

# ચેમ્બરઃ રવિરાજ દેસાઈની ઉમેદવારી રદ કરવાની અરજી ફગાવી દેવાઈ

**બંધારણ** મુજબ 5 વર્ષ મેનેજિંગ કમિટીમાં ચુંટાયેલી કોઈપણ વ્યક્તિ ઉપપ્રમુખ પદની ચૂંટણી લડવા માન્ય છેઃ ચૂંટણી કમિટી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ 2026/27ના ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવાર રવિરાજ દેસાઈને ગેરલાયક ઠેરવવાની અરજી ચેમ્બરની ઈલેક્શન કમિટી અને આર્બિટ્રેશન કમિટીએ ફગાવી દીધી હતી.

હરીફ ઉમેદવાર નીતિનકુમાર ટી.ભરૂચા દ્વારા કરવામાં આવેલી અરજીની ગુરુવારે સુનાવણી થઈ હતી. જેમાં ચેમ્બરની ચૂંટણી કમિટીએ સ્પષ્ટતા કરી હતી કે, ચેમ્બરના બંધારણની કલમ 6.6 H માં સ્પષ્ટ લખ્યું છે કે, 5 વર્ષ મેનેજિંગ કમિટીમાં ચુંટાયેલા કોઈપણ સભ્ય ઉપપ્રમુખ પદની ચૂંટણી લડવા એલિજિબલ છે. એમાં મેનેજિંગ કમિટીમાં હાજરીને લગતો કોઈ ઉલ્લેખ નથી. જ્યારે ચેમ્બરની આર્બિટ્રેશન કમિટીએ પણ ચુકાદામાં જણાવ્યું હતું કે, ઈલેક્શન કમિટી ફોર્મ મંજૂર કરવા કે નામંજૂર કરવા સર્વે રીતે સક્ષમ છે. ઈલેક્શન કમિટીના નિર્ણય પર લવાદ કરવાની હકુમત આર્બિટ્રેશન કમિટીને નથી. તેથી ચૂંટણી બાબતે આર્બિટ્રેશન કમિટીએ કંઈ કરવાનું રહેતું નથી. જેથી ચેમ્બર તરફથી મળેલો રેકોર્ડ આ સાથે પરત કરવામાં આવે છે. સરકારી મુખ્ય વકીલ નયન સુખડવાલા બહારગામ ગયા હોવાથી તેઓ હાજર રહી શક્યા ન હતા.

### મોદીને પૂર્વ પ્રમુખોની ફોરમ પાસે કોણ લઈ ગયું?

ચેમ્બરમાં લોકતાંત્રિક પદ્ધતિથી ચૂંટણી લડવાની વ્યવસ્થા છતાં ઉમેદવારોએ પૂર્વ પ્રમુખોની ફોરમ પાસે શા માટે જવું જોઈએ? આ વખતની ચૂંટણીમાં કુલ 4 ઉમેદવાર પૈકી બે ઉમેદવારો રવિરાજ દેસાઈ અને સી.એ. મિતીષ મોદી સામે ચાલીને પૂર્વ પ્રમુખોની ફોરમ પાસે ગયા હતા. બંનેએ પૂરેપૂરી સંમતિથી PP ફોરમને વિડ્રોઅલ આપ્યું હતું. અગાઉની ચૂંટણીમાં ઉપપ્રમુખ પદની ચૂંટણી દિનેશ નાવડીયા અને આશિષ ગુજરાતી સામે લડ્યા ત્યારે PP ફોરમમાં ગયા ન હતા. તો આ વખતે PP ફોરમમાં તેઓને કોણ લઈ ગયું એ બાબતને લઈ ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# ઉત્રાણમાં ગોડાઉનમાં આગ, લોકો ફ્લેટમાંથી મેદાનમાં દોડી ગયા

**રહેણાક** વિસ્તારમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગી હતી

**ગોડાઉનમાં** કેમિકલ અને પ્લાસ્ટિક વેસ્ટ ભર્યો હતો

સુરત : સુરત શહેરમાં આગની ઘટનાઓનો સિલસિલો યથાવત્ રહેતા ઉત્રાણ વિસ્તારમાં મધરાતે વધુ એક ભયાનક આગની ઘટના સામે આવી છે. ઉત્રાણ ગરનાળા પાસે આવેલા ભંગારના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાની સાથે જ છ અલગ અલગ ફાયર સ્ટેશનમાં જવાનોની ટીમના પહોંચી ગઈ હતી અને બે કલાકની ભારે જહેમત બાદ આગને સંપૂર્ણ કાબુમાં લેવામાં આવી હતી. જો સમયસર ફાયર બ્રિગેડ વિભાગના જવાનો દ્વારા કામગીરી કરવામાં આવી ન હોત તો બાજુમાં આવેલ બીજું ગોડાઉન અને ઝુપડપટ્ટી પણ આગની ઝપેટમાં આવી જતે અને મોટું જાનમાલનું નુકસાન થવાની પણ શક્યતાઓ નકારી શકાતી નથી. ઘટનાસ્થળની બિલકુલ સામે આવેલી 'અભિનંદન રેસિડેન્સી'ના રહીશો જીવ બચાવવા મધરાતે ઘરો બહાર દોડી આવ્યા હતા. જોકે, ફાયર બ્રિગેડની સમયસરની કામગીરીને કારણે મોટી જાનહાનિ ટળી હતી.

મળતી માહિતી મુજબ બુધવાર અને ગુરુવારની મધ્યરાત્રિએ અંદાજે 02:00 વાગ્યે ઉત્રાણ ગરનાળા નજીક આવેલા એક મોટા ભંગારના ગોડાઉનમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક, કેમિકલના ખાલી ડબ્બા, ટાયરો અને અન્ય સ્ક્રેપ મટિરિયલ સંગ્રહિત હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ઊંચી જ્વાળાઓ અને પ્લાસ્ટિક સળગવાની અસહ્ય દુર્ગંધને કારણે આસપાસની રહેણાંક સોસાયટીઓમાં રહેતા લોકો ઊંઘમાંથી જાગી ગયા હતા. ઘટનાસ્થળની સામે આવેલી અભિનંદન રેસિડેન્સીના રહીશોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. ગોડાઉન અને સોસાયટી વચ્ચેનું અંતર ઓછું હોવાથી આગની લપેટો ગમે ત્યારે ઘરો સુધી પહોંચી જશે તેવી ભીતિ ઉભી થઈ હતી. હવામાં ઉડતા સળગતા તણખલાઓને કારણે આસપાસ પાર્ક કરાયેલા વાહનો અને વૃક્ષોને પણ જોખમ ઊભું થયું હતું. પરિસ્થિતિની ગંભીરતા જોઈ સોસાયટીના આગેવાનો અને સ્થાનિકોએ લોકોને ઘરો ખાલી કરી સુરક્ષિત સ્થળે જવા અપીલ કરી હતી. માસૂમ બાળકો અને વૃદ્ધોને લઈને પરિવારો સુરક્ષિત સ્થળે દોડી જતા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં કતારગામ, કોસાડ, મોટા વરાછા, ડભોલી, કાપોદ્રા અને અશ્વનિકુમાર ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના પહોંચી ગઈ હતી અને પાણીનો મારો કરી બે કલાકની ભારે જહેમત બાદ ભીષણ આગને કાબુમાં લીધી હતી. જેના કારણે ઝૂંપડામાં રહેતા સૌ કોઈ લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બનાવની જાણ થતા સુરત શહેરના ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ મોડી રાત્રે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ વ્યુહાત્મક રીતે ચારેય તરફથી પાણીનો મારો ચલાવી આગને રહેણાંક વિસ્તારમાં ફેલાતી અટકાવી હતી.

### શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદે ધમધમતાં આવાં ગોડાઉનો સામે તંત્રની ચુપ્પી

સુરત મહાનગરપાલિકાની અધિકારીઓની બેદરકારીને કારણે શહેરમાં અનેક જગ્યાઓ પર જીવતા બોમ્બ સમાન ગેરકાયદે ગોડાઉન ધમધમી રહ્યા છે. જેમાં શહેરમાં દરેક ઝોન વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં તથા રેસીડેન્સીયલ વિસ્તારમાં ગેરકાયદે પતરાના શેડ બનાવી તેમાં કોઈપણ પ્રકારની પરમિશન વગર વેપાર ધંધો કરવામાં આવી રહ્યો છે અને લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે. શહેરના ઉતરાણ વિસ્તારમાં ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે આવેલ અભિનંદન રેસીડેન્સી ની સામે ખુલ્લી જગ્યામાં ઝૂંપડપટ્ટી આવેલી છે. જોકે તે ઝૂંપડપટ્ટીની બાજુમાં જ ગેરકાયદે પતરાના ડોમ બનાવી કોઈપણ પ્રકારની પરમિશન વગર જ ભંગારના ગોડાઉન બનાવી દેવામાં આવ્યા છે.

### ફાયર વિભાગના અધિકારીઓની સૂઝબૂઝથી ભીષણ આગ અટકી

ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગી તેની બાજુમાં જ બીજું મોટું ગોડાઉન પણ આવેલું હતું. જો આગ તે ગોડાઉનમાં પ્રસરી ગઈ હોત તો તેમની બાજુમાં આવેલ ઝૂંપડપટ્ટીને માં પણ મોટું નુકસાન થયું હોત તેમાં કોઈ બે મત નથી પરંતુ ફાયર બ્રિગેડ વિભાગના અધિકારીઓની સુઝબુઝના કારણે તાત્કાલિક ધોરણે આગને કાબૂમાં લેવા સાથે પાછળના ભાગમાં આવેલ બીજા ગોડાઉનને વચ્ચેના ભાગથી કુલિંગની કામગીરી કરી અલગ કરી દેવામાં આવ્યું હતું અને આગને વધતા અટકાવી દેવામાં આવી હતી.

# યુવતીને જોઈને લૂંગી કાઢી અશ્લીલ ઈશારા કર્યા

**સમજાવટ** માટે ગયેલા પિતા પર પણ હુમલો કરનાર આરોપીની ધરપકડ

સુરત :વાસનાંધ બનેલા શખ્સે લુંગી કાઢી અશ્લીલ ચેષ્ટાઓ કરી જાતિય હેરાનગતિ કરી હતી. તેને સમજાવવા ગયેલા યુવતીના પિતાને પણ તેણે માર માર્યો હતો. જેથી પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી હતી.

ડિંડોલીના શિવાજી નગર વિસ્તારમાં રહેતી યુવતી સામે અશ્લિલ હરકતો કરનારે હદ ત્યારે વટાવી જ્યારે એક વખત તેણે તેને જોઈને લુંગી કાઢી નાંખી અશ્લિલ ઈશારા કર્યા હતા.

જેથી ભયભીત થયેલી પીડિતાએ તુરંત જ પોતાના પિતાને સમગ્ર આપવીતી જણાવી હતી. દીકરી સાથે થયેલી આ હીન હરકત સાંભળીને પિતાનો પિત્તો ગયો હતો.

તેઓ તાત્કાલિક આરોપી પંકજ સોની પાસે પહોંચ્યા હતા અને શાંતિથી તેને આવું ન કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, શરમાવાને બદલે આરોપી પંકજ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે તેમને પણ માર માર્યો હતો. આ બનાવની ફરિયાદ થતાં ડિંડોલી પોલીસે બાતમીદારોની મદદથી કલરકામનો ધંધો કરતા મૂળ ઉત્તર પ્રદેશના બનારસ જિલ્લાના સરહરી ગામના વતની ૨૯ વર્ષીય આરોપી પંકજ રાજકુમાર સોનીને (હાલ રહે. શિવાજી નગર, માનશી રેસીડેન્સી પાસે, ડિંડોલી) ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

## સરદાર માર્કેટ પાસે રોડ ક્રોસ કરતી મહિલાને ટેમ્પોચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ સરદાર માર્કેટ પાસે રોડ ક્રોસ કરતી મહિલાને ટેમ્પોચાલકે અડફેટે લેતાં મોત થયું હતું. મૂળ મહારાષ્ટ્ર જલગાંવના વતની વિષ્ણુભાઈ બનસાની હાલ ગોડાદરા આસપાસ પાસે આવેલા શ્રીજીનગર સોસાયટીમાં 32 વર્ષીય પત્ની ચંદ્રકલા તેમજ બે સંતાન સાથે રહે છે. વિષ્ણુભાઈ પત્ની સાથે મળીને શાકભાજીનો વેપાર કરે છે. એક મહિના પહેલાં તેમની પત્ની ચંદ્રકલા સહારા દરવાજા પાસે આવેલા સરદાર માર્કેટમાં શાકભાજી લેવા માટે આવ્યા હતા. દરમિયાન તે રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે અજાણ્યા ટેમ્પોચાલકે તેમને અડફેટે લીધા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ આવ્યા હતા.

# કોર્પોરેટર સાથે ઠગાઈના કેસમાં વધુ એકની ધરપકડ

**અગાઉ** આ ગુનામાં સંડોવાયેલા જે.કે સ્વામી, સુરેશ ભરવાડ સહિત ૭ પકડાઈ ચૂક્યા છે

સુરતઃ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના જે.કે. સ્વામી અને તેમની ટોળકી દ્વારા રીંઝા ગામે મંદિર અને ગુરુકુળ બનાવવાના નામે ભટારના કોર્પોરેટર સાથે એક કરોડની ઠગાઈ આચરવામાં મુખ્ય સૂત્રધાર સુરેશ ભરવાડના ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ આ ગુનામાં સંડોવાયેલા તમામ ૭ આરોપીઓ પકડાઈ ચૂક્યા છે.

ભટાર રોડ પર આવેલી સુયોગ નગર સોસાયટીમાં રહેતા અને રિંગરોડ ખાતે 'એડ્વાઈઝર ફાયનાન્શીયલ સોલ્યુશન' નામે લોન કન્સલ્ટન્સીનો વ્યવસાય કરતા અને કોર્પોરેટર હિમાંશુ પ્રવિણસિંહ રાઉલજી (ઉ.વ. ૪૨) નો ફેસબુકના માધ્યમથી દલાલ મૌલીક પરમારે સંપર્ક કર્યો હતો અને જણાવ્યું હતું કે સંસ્થા વતી રીંઝા ગામે ૭૦૦ વીંઘા જમીન રાખવાની છે, જેમાં મોટો નફો થશે. ફરિયાદીને વિશ્વાસમાં લેવા જે.કે. સ્વામી અને તેમના પી.એ. ભરત પટેલે સોમનાથ રોડ આશ્રમે બોલાવી પોઈચા જેવું ભવ્ય 'નિલકંઠ ધામ' બનાવવાની મોટી ગુલબાંગો ફેંકી હતી. ત્યારબાદ, 'શ્રી નિલકંઠવર્ણી ડેવલોપર્સ' ના લેટરપેડ પર જમીન ખરીદીની ખાતરી આપી આરોપી સુરેશ ભરવાડ સાથે પ્રતિ વીંઘા રૂ. ૫.૭૨ લાખના ભાવે MOU કરી ટોકનના ૧.૦૧ કરોડ પડાવી લીધા હતા. આ ગુનામાં સીઆઈડી ક્રાઈમે સુરેશ ભરવાડના ડ્રાઈવર અમિત રમેશ પંચાલ(રહે., ન્યુ રાણીપ,અમદાવાદ, મુળ પાટણ) ને ગાંધીનગરથી ઝડપી પાડી સુરત ક્રાઈમ બ્રાંચને સોંપ્યો છે.